# બીજા રાઉન્ડના પ્રથમ દિવસે જિલ્લામાં ૨૬૦૦નું વેક્સીનેશન થયુ






ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભાયેલા કોરોના વેક્શીનેશનના બીજા રાઉન્ડના પ્રથમ દિવસે ૨૬૦૦ લોકોએ વેક્સીનેશન કરાવ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં ૬ સ્થાનો પર આજથી શરૂ થયેલા કોરોના વેક્સીનેશનના પ્રથમ દિવસે ૬૦૦ થી વધુ લોકોએ જે ૬૦ થી વધુ વય ધરાવે છે તેમણે તેમનો આજે પ્રથમ ડોઝ લીધો હતો. આજે પ્રથમ દિવસે કોઈને કોઈ પ્રકારની આડ અસર નહિ થઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૦ થી વધુ સ્થાનોએ શરૂ થયેલા વેક્સીનેશનના બીજા રાઉન્ડના પ્રથમ દિવસે બપોરે ૪ વાગ્યા સુધીમાં મળેલ પ્રાથમિક વિગતો પ્રમાણે ૧૮૦૦ થી વધુનુ વેક્સીનેશન સંપન્ન થઈ ગયુ હતુ અને આ કામગીરી ચાલુ હતી. આ આંકડો બે હજાર સુધી પહોંચી જશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગર જિલ્લામાં ૬૦ થી વધુ વય ધરાવતા ૧.૫૦ લાખથી વધુ લોકો છે જેમાં શહેરના ૩૮ હજાર જેટલા ૬૦ થી વધુ વયના લોકોનો પણ સમાવેશ થાય છે. આજે સવારથી જ શહેરના છ સેન્ટરો પર વડીલો દ્વારા વેક્સીનેશન માટે લાઈનો લગાવી દેવામાં આવી હતી. જો કે અર્બન હેલ્થ સેન્ટરમાં બેસવાની પણ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આજે પ્રથમ દિવસ હતો એટલે પ્રમાણમાં ધીમો પ્રારંભ વેક્સીનેશનનો થયો છે. ગરમીનો પ્રકોપ પણ વેક્સીનેશનને ધીમો પ્રતિસાદ મળવાનું કારણ ગણાઈ રહેલ છે.

# જિલ્લામાં પુનરાવર્તન કે પરિવર્તન

## ગાંધીનગર જિલ્લામાં ૬ સ્થાનો પર સવારે નવ વાગ્યાથી ગણતરી શરૂ થશે : બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પુનરાવર્તન કે પરિવર્તનનો મતદારોએ કરેલ નિર્ણય આજે મતગણતરીને અંતે ખબર પડી જશે.

ગાંધીનગર જિલ્લામાં ૮૦૦ થી વધુ ઉમેદવારોના રાજકીય ભાવિનો આજે ફેંસલો થશે. જિલ્લામાં ૬ સ્થાનો પર આ મતગણતરીનો પ્રારંભ થશે. અને બપોરના બે વાગ્યા સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

સવારે નવ વાગ્યે ગણતરીનો પ્રારંભ થશે. પહેલા સર્વિસ વોટર્સના વોટ ગણવામાં આવશે અને ત્યાર બાદ ઈવીએમની ગણતરી શરૂ થશે.

ગાંધીનગર વિનયન કોલેજ ખાતે ૧ હોલમાં ગાંધીનગર તાલુકામાં આવતી જિલ્લા પંચાયતની ૮ બેઠકોની ગણતરી શરૂ થશે. આ માટે ૧૨ જેટલા ટેબલો રાખવામાં આવ્યા છે. ગાંધીનગર તાલુકાની ૮ એ બેઠકો પરની ગણતરી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પૂર્ણ થઈ જશે.

દહેગામમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે બે હોલમાં જિલ્લા પંચાયત અને બે હોલમાં તાલુકા પંચાયતની મતગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં જિલ્લા પંચાયતની મતગણતરી માટે ૧૯ ટેબલ અને તાલુકા પંચાયત માટે ૨૦ ટેબલ રાખવામાં આવ્યા છે.

કલોલમાં જિલ્લા પંચાયત અનો તાલુકા પંચાયત માટે સરકારી ટેકનીકલ સંસ્થા કલોલ ખાતે વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેમાં ૧ હોલમાં જિલ્લા પંચાયત અને ૨ હોલમાં તા. પંચાયતની બેઠકોની ગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં



જિલ્લા પંચાયત માટે ૧૫ ટેબલ અને તા. પંચાયત માટે ૧૬ ટેબલ રાખવામાં આવ્યા છે.

માણસામાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં જિ.પં. અને તા.પં.ની ગણતરી માટેની વ્યવસ્થા ઉભી કરાઈ છે. જેમાં ૧ હોલમાં જિલ્લા પંચાયત અને ૧ હોલમાં તા. પંચાયતની મતગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં જિલ્લા પંચાયતની ગણતરી માટે ૧૦ ટેબલ અને તા.પં. માટે પણ ૧૦ ટેબલ રાખવામાં આવેલ છે.

દહેગામ નગરપાલિકા માટે મ્યુનિ. બોયઝ હાઈસ્કૂલ ખાતે મતગણતરીની વ્યવસ્થા નિયત કરવામાં આવી છે. જેમાં એક હોલમાં ૭ ટેબલ પર મતગણતરી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# પાનખરની મોસમથી નગરજનો એલર્જીક રાઈનાટીસનો શિકાર

## કોરોનાના કહેર વચ્ચે માસ્કના ઉપયોગથી અગાઉ કરતા એલર્જીના દર્દીઓની સંખ્યા ઘટી : માસ્ક પહેરવાથી નાકમાં પોલેન અલબત્ત પાંદડાના તત્વો જતા અટકે અને એલર્જીની સમસ્યાથી બચી શકાય

ગાંધીનગર તા ૧

નગરમાં હાલ પાનખરની મોસમ નિખરી છે. ત્યારે હરિયાળી ઘેરાયેલી સેકટરોની શેરીઓમાં પાનખરના લીધે ઠેર ઠેર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. પાનખરમાં પાંદડામાંથી ઉડતા નરી આંખે ન દેખાય તેવા તત્વોના લીધે નાગરિકો એલર્જીનો શિકાર બની રહ્યા છે. કોરોનાના લીધે માસ્કનો ઉપયોગ વધતા આ વર્ષે એલર્જીની તકલીફનુ પ્રમાણ ઘટયુ છે. પરંતુ હાલ પણ એલર્જીના દર્દીઓ શરદી અને છીંકથી પરેશાન છે. ત્યારે એલર્જીક રાઈનાટીસથી બચવા માટે માસ્ક પહેરવુ અનિવાર્ય છે.

માર્ચ મહીનાના પ્રારંભે એકબાજુ ગરમીની મોસમ નિખરી રહી છે. ત્યારે વહેલી સવારે અને મોડી રાત્રે નગરજનો હજુ પણ વાતાવરણમાં ગુલાબી ઠંડકનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે બેવડી ઋતુના લીધે નગરજનો વિચિત્ર વાતાવરણનો અહેસાસ કરી રહ્યા છે. ગરમી વધી રહી છે. અને ઠંડી અદ્રશ્ય થઈ રહી છે. આવા સંજોગોમાં પાનખરની વિદાય લેતી મોસમ વચ્ચે જન આરોગ્ય પણ વિશેષ રીતે પ્રભાવિત છે. એકબાજુ કોરોનાનો કહેર યથાવત છે. શહેરમાં રોજબરોજ પાંચ સાત કોરોનાના કેસ ધ્યાને આવે છે. ત્યારે પાનખરથી પ્રભાવિત જનજીવન એલર્જીક રાઈનોટીકનો શિકાર બની રહ્યા છે. સામાન્ય રીતે ઠંડી ઘટે અને ગરમીની શરૂઆત થાય તેવા સંજોગોમાં પાનખરની મોસમ શહેરીજનોને વિશેષ પ્રભાવિત કરે છે.નગરમાં આમ પણ વૃક્ષોની સંખ્યા વિશેષ છે. પાનખર દરમિયાન નરી આંખે ન દેખાય તેવા પાંદડાના તત્વો પોલેન હવામાં ઉડતા હોય છે. જે નાકમાંથી શ્વાસમાં જાય એટલે એલર્જીક રાઈનોટીકની અસર ચાલુ થઈ જાય છે. નગરના જાણીતા તબીબ ડો બદ્રીશ સંઘવીના જણાંવ્યા મુજબ હાલ કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે કોરોનાના લીધે નાગરિકો માસ્કનો ઉપયોગ વધુ કરી રહ્યા છે જેના લીધે એલર્જીની તકલીફનુ પ્રમાણ અગાઉના વર્ષો કરતા ઘટયુ છે. જો કે ઈમ્યનિટી સારી હોય તેવા કિસ્સામાં એલર્જીની તકલીફ ઓછી થાય છે.

# ગાંધીનગર મનપાના સીમાંકન અંગે ૨૪ જેટલા વાંધા-સૂચનો તંત્રને મળ્યા

## રાજ્ય ચૂંટણી પંચે આજે રાજકીય પક્ષોના અગ્રણીઓ સાથે પરામર્શ બેઠક યોજી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાના નવા સીમાંકન અંગેના વાંધા-સૂચનો રજુ કરવાના અંતિમ દિવસ સુધીમાં ૨૪ જેટલા વાંધા-સૂચનો તંત્રને મળ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના સીમાંકન અંગે આજે રાજ્ય ચૂંટણી પંચે આજે રાજકીય પરામર્શ બેઠકનું આયોજન પણ સચિવાલય ખાતેની પંચની કચેરીએ કર્યુ હતુ જેમાં રાજકીય પક્ષોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજની પરામર્શ બેઠકમાં શહેર કોંગ્રેસના પ્રમુખ કે વિપક્ષી નેતાને બોલાવવામાં આવ્યા ન હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સીમાંકન અંગેના વાંધા-સુચનો પર આજે પંચે માત્ર



રજુઆતો સાંભળી અને જિલ્લા કલેકટરને તે અંગેના અહેવાલ આપવાની સૂચનાઓ આપી છે.

આજે બપોરે પંચની ઓફિસમાં કમિશનર સંજયપ્રસાદના અધ્યક્ષપદે મળેલ આ બેઠકમાં પંચના અધિકારીઓ, જિલ્લા કલેક્ટર કુલદીપ આર્ય, મ્યુનિ. કમિશનર ડૉ. રતનકંવર ગઢવી(ચારણ) તેમજ બસપા, આમ આદમી પાર્ટી અને ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.

જિલ્લા કલેકટર તરફથી વાંધા-સૂચનો પર તેમનો વિગતવાર અહેવાલ મળ્યા બાદ રાજ્ય ચૂંટણી પંચની બેઠકમાં તેના પર વિચાર વિમર્શ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયા બાદ હવે મનપાની ચૂંટણી માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. રાજ્ય ચૂંટણીપંચે નવા સીમાંકન અંગેના પ્રાથમિક આદેશો ૧૯મી ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ કર્યા હતા.

આજ સુધીમાં ૨૪ જેટલા વાંધા સૂચનો મળી ચુક્યા છે. આ વાંધા સૂચનો કોંગ્રેસ સમિતિ, ધારાસભ્ય, કેટલાક કાઉન્સીલરોએ વ્યક્તીગત રીતે રજુ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં ૧૦ નવા કેસ : ૧૦ને ડિસ્ચાર્જ

## કુડાસણમાં બે કેસ ઉપરાંત વાવોલ અને વાસણા હડમતિયામાંથી કેસ નોંધાયા : સે. ૨ માં બે કેસ ઉપરાંત સે. ૪, ૭, ૮ અને ૨૩ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્યવિસ્તારમાં ૪ અને ગાંધીનગર શહેરમાં ૬ કેસ નોંધાયા છે.

આજે જિલ્લામાં કોવિડથી સંક્રમિત થનાર અને રિકવરી મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન નોંધાઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ બે મહિલા દર્દી અને શહેરમાંથી પણ બે મહિલા દર્દી નોંધાયા છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી જ કેસો મળી રહ્યા છે. જેણે તંત્રની ચિંતા વધારી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત વાવોલ અને વાસણા હડમતિયા ગામેથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૧૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૫૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જાહેરમાં કચરો સળગાવતા તત્વો સામે વનતંત્ર કડક કાર્યવાહી કરશે

## સેકટરોમાં આ પ્રવૃતિને ડામવા માટે વનતંત્ર એલર્ટ મોડમાં : સેકટરોમાં રાઉન્ડ લઇ સતત વોચ રખાશે

ગાંધીનગર તા ૧

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં હરિયાળા વૃક્ષોની વનરાજી છે. જયારે પાનખરના સમયમાં સેકટરોમાં જાહેરમાં કચરો સળગાવાની પ્રવૃતિ વિશેષ થાય છે. જેના લીધે હરિયાળીને પણ નુકશાન થાય છે. જેને ધ્યાને લઈ વનતંત્રએ આવા તત્વો સામે કડક પગલા લેવા સુચના આપી છે. આ પ્રકારની હરકત અટકાવવા માટે વનતંત્રનો સ્ટાફ સેકટરોમાં રાઉન્ડ લેશે જયારે જવાબદાર તત્વો સામે આકરા દંડ સહીતના પગલા લેશે.

ગાંધીનગરમાં હરિયાળા વૃક્ષોની સંખ્યા વિશેષ છે જો કે વિકાસના કામો વચ્ચે રોજબરોજ હરિયાળીનો સોથ વળતા પર્યવારણ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે. નગરમાં અન્ડર પાસ , રોડ વાડઈનીંગ સહીત સેકટરોના એપ્રોચ માર્ગો સહીત નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવતાની સાથે હરિયાળા વૃક્ષોની કટોતી વધી છે. જેના લીધે નગરની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. બીજીતરફ હરિયાળા નગરમાં પ્રદુષણનો ખતરો વધે તેવી હરકતો પણ દિનપ્રતિદિન વધી રહી છે. જાહેરમાં કચરો સળગાવાની મનાઈ હોવાછતા સેકટરોમાં બિન્દાસ્ત રીતે કચરો સળગાવાય છે. જેના લીધે વાતાવરણમાં પ્રદુષણ ફેલવાની સાથે હરિયાળા વૃક્ષોને પણ નુકશાન થઈ રહ્યુ છે. આ મામલે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો છે.

ગઈકાલે પણ સે-૨૦ની પ્રાથમિક શાળાના સંકુલમાં કચરો સળગાવાતા કુમળા વૃક્ષોને નુકશાન થયુ હતુ. શહેરમાં વધતા આવા કિસ્સાઓને ધ્યાને લઈ વનતંત્ર પણ આ મામલે સતર્ક બને તેવી માંગ ઉઠવા પામી હતી જેને અનુલક્ષીને સફાળા જાગેલા વનતંત્રના અધિકારીઓએ પણ સ્ટાફને જરૂરી સુચના આપી છે.

જાહેરમાં કચરો સળગાવાની હરકત સામે ત્વરિત કડક પગલા લેવાય તે માટે પણ ફોરેસ્ટ ઓફિસરને જણાંવાયુ છે. હાલ પાનખરના લીધે આ પ્રકારની પ્રવૃતિ વિશેષ થતી હોય છે ત્યારે જાહેરમાં કચરો સળગાવી નગરની પ્રકૃતિ અને પર્યાવરણને નુકસાન પહોંચાડતા તત્વો સામે આકરો દંડ વસુલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ વનતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે.


TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર
9909555191

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com